વંચાણે લીધું :(૧)નામદાર ગુજરાત હાઈકોર્ટના No.C.2611/2026, Dt.13/03/2026.
(૨)ભોપાલ મ્યુનિસિપલ કોર્પોરેશન વિરુધ્ધ ડો. સુભાષ સી. પાંડે અને અન્યોના કેસમાં ૨૦૨૩ ના સિવિલ અપીલ નંબર ૬૧૭૪ માં ભારતની માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા તા. ૧૯/૦૨/૨૦૨૬ના રોજ પસાર કરાયેલ આદેશ.

---

## નોટીફિકેશન

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, 2026 ના અમલીકરણ અને કોર્ટ પરિસરમાં સ્વચ્છતા જાળવવા અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા નિર્દેશોને ધ્યાનમાં રાખીને, આથી ફેમિલી કોર્ટ, ભરુચ કેમ્પસ માટે વેસ્ટ મેનેજમેન્ટ કમિટીની રચના કરવાનો આદેશ આપવામાં આવે છે. સમિતિમાં નીચેના સભ્યોનો સમાવેશ થશે:

| અનુ. નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | **કુ. પી. એલ. દાસ,**<br>પ્રિન્સીપાલ જજ, ફેમિલિ કોર્ટ, ભરુચ. | અધ્યક્ષ |
| ૨ | **શ્રીમતી. એ. ડી. સારંગ,**<br>રજીસ્ટ્રાર, ફેમિલિ કોર્ટ, ભરુચ. | સભ્ય |
| ૩ | **શ્રી. આર. એમ. પરમાર,**<br>નાઝર,ફેમિલિ કોર્ટ, ભરુચ. | સભ્ય |
| ૪ | **શ્રીમતી. હંસાબેન એસ. વસાવા**<br>હાઉસકીપિંગ સ્ટાફ પ્રતિનિધિ | સભ્ય |

આ આદેશ તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

તારીખ: ૧૮/૦૩/૨૦૨૬

મુખ્ય ન્યાયાધીશ,
ફેમિલિ કોર્ટ, ભરુચ.

Principal Family Court,
Behind Treasury Office,
Kanbiwaga, Bharuch-392 001

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ.૨૦૨૬ના નિર્દેશોનું અત્રેની કચેરી ખાતે તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજથી અસરકારક પાલન થવા બાબત.

## નોટીફિકેશન

આથી તમામ અત્રેની કચેરીના અધિકારી/કર્મચારીઓ, વકિલશ્રીઓ અને તમામ મુલાકાતી/પક્ષકારોના ધ્યાનાર્થે જણાવવાનું કે, Ho'ble Supreme Court of India ધ્વારા Civil Appeal No.6174 of 2023 માં તારીખ:19-02-2026 ના ચુકાદા ધ્વારા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ નું કડક પાલન સુનિશ્ચીત કરવા બાબતે મહત્વપૂર્ણ દિશાનિર્દેશો આપવામાં આવેલ છે. જેના પાલન સારું નીચે જણાવ્યા મુજબની તકેદારી રાખવા આથી જણાવવામાં આવે છે.

૧. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો ૨૦૨૬માં કચરાના કુલ -૪ પ્રકારે વિભાજન અંગે નીચે જણાવ્યા મુજબ વહેંચણી કરવામાં આવેલ છે.

૧. wet Waste (વેટ વેસ્ટ) : શાકભાજી, ફળોની છાલ વિગેરે કચરો, ફળ-ફુલોના અવશેષો, અન્ય સજીવ પદાર્થોનો ભીનો કચરો વિગેરે.

૨. Dry Waste (ડ્રાય વેસ્ટ) : પ્લાસ્ટિક, પેપર, કાચ, લાકડું, ધાતું, રબર વિગેરેની બનાવટો.

૩. Sanitary Waste (સેનીટરી વેસ્ટ) : વપરાયેલા ડાયપર, સેનિટરી નેપકીન અને તેને સમાન વસ્તુઓ વિગેરે.

૪. Special Care Waste (સ્પેશીયલ કેર વેસ્ટ) : કલરના ડબ્બા, બલ્બ, થર્મોમીટર, એક્સપાયરી તારીખ વિતી ગઇ હોય તેવી દવાઓ અને અન્ય રાસાયણિક જોખમકારક કચરો અને બાયોમેડિકલ વેસ્ટ.

આ અંતગર્ત Four-Stream Segregation અન્વયે કચેરીના પરીસર ખાતે ચાર ડ્રમનું વર્ગીકરણ કરવામાં આવશે, Segregation ની વ્યવસ્થા તા.૦૧.૦૪.૨૦૨૬ ના રોજથી અમલી થનાર છે.

સદર અન્વયે તમામને આથી સુચીત કરવામાં આવે છે કે, તેઓએ વર્ગીકરણ મુજબનો કચરો જે તે ડ્રમ / ડસ્ટબીનમાં જ નાખવો.

૨. આ કચેરીના દરેક વિભાગોના વડા પોતાના વિભાગમાં નિયમોના પાલનની દેખરેખ રાખશે.

૩. અધિકારીઓ અને કર્મચારીઓએ ઉકત બાબતે વ્યક્તિગત રીતે જવાબદારી નિભાવવી તેમજ સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવી.

૪. ઉકત દિશાનિર્દેશોનું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ઉકત દિશાનિર્દેશોનું પાલન કરવામાં ચુક કરનાર સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામે નોંધ લેવી.

( પી. એલ. દાસ )
મુખ્ય ન્યાયાધીશ,
ફેમિલિ કોર્ટ, ભરુચ.

તારીખ: ૦૧/૦૪/૨૦૨૬

નકલ રવાના :-
૧.અત્રેની કચેરીના તમામ કોર્ટ તથા શાખાઓ તથા અધિકારીશ્રીઓ /કર્મચારીઓ તરફ જરૂરી અમલવારી સારું
૨. રજીસ્ટ્રારશ્રી ફેમિલિ કોર્ટ, ભરુચ/જંબુસર/ઝઘડીયા/અંકલેશ્વર તરફ જાણ તથા કચેરીમાં બધાને યોગ્ય પાલન કરવા માટેની જાણ તેમજ સમજ આપવા સારું.
૩.નાઝરશ્રી ફેમિલિ કોર્ટ, ભરુચ/જંબુસર/ઝઘડીયા/અંકલેશ્વર તરફ જાણ તથા કચેરીમાં બધાને યોગ્ય પાલન કરવા માટેની જાણ તેમજ સમજ આપવા સારું.
૪. પ્રમુખશ્રી, ભરુચ બાર એસોસીએશન તરફ જરુરી જાણ તેમજ તમામ સભ્ય વકિલશ્રીઓની જાણ સારું.
૫.નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારું.
૬.ના. ડિસ્ટ્રીકટ કોર્ટ, ભરુચ તરફ વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા સારું.